Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રીયુત્ કુંવરજીભાઈ આણંદજી
જેમની બારમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ ઉજવવામાં આવશે.

પુસ્તક ૭૩ મું
અંક ૨-૩ : ૧ લી જાન્યુઆરી **: માગશર–પોષ :** વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩ ઈ. સ. ૧૯૫૭

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૩ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શત્રુંજયનું પ્રાચીન સ્તવન | (સંપા૦ મોહનલાલ ગિરધરભાઈ) | ૧૭ |
| ૨ | मुसाफिर | (સંપા૦ રાજમલ ભંડારી) | ૧૮ |
| ૩ | श्रीमहावीरप्रार्थनाशतकम् | (સ્વ. પં. હરગોવિંદદાસ) | ૧૯ |
| ૪ | શ્રી પ્રશ્નોત્તર-સાર્ધશતક | (અનુ૦ આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરિજી મ.) | ૨૦ |
| ૫ | પત્રમાં તત્ત્વજ્ઞાન : ૨ : | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૨૨ |
| ૬ | ચાર અનુયોગસ્થાપક દશપૂર્વી : : | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકશી) | ૨૪ |
| ૭ | કારાગૃહવાસ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨૬ |
| ૮ | શ્રી જિનદર્શનની તૃષા | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ M. B. B. S.) | ૨૯ |
| ૯ | સિદ્ધક્ષેત્ર બાલાશ્રમનો સુવર્ણ મહોત્સવ | | ૩૦ |
| ૧૦ | પ્રકીર્ણ | | ૩૨ તથા ટાઈટલ પેજ ૩-૪ |


## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી શ્રી લક્ષ્મીચંદ અનોપચંદ એકાવન વર્ષની વયે ગત ભાદરવા વદ ચૌદશના રોજ સ્વર્ગવાસી થયા હતા. તેઓ ધાર્મિક શ્રદ્ધાવાન હતા અને દેવદર્શન તેમ જ પૂજા વિગેરેમાં પ્રીતિવાળા હતા. વર્ષોથી આપણી સભાના લાઈફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી સભાને લાયક સભ્યની ખામી પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઈચ્છીએ છીએ.


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

જ્ઞાનસાર-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૩ મું<br>અંક ૨-૩ | માગશર–પોષ | વીર સં. ૨૪૮૩<br>વિ. સં. ૨૦૧૩ |
|---|---|---|

## શ્રી શત્રુંજયનું પ્રાચીન સ્તવન*

(રાગ–વેરાવલ)

શેત્રુંજે જુહારસ્યે રે, નયણ નિહાલસ્યે રે;
પાપ પખાલસ્યે રે, તેહને દુરગતિ નહી રે લગાર.
દરવાજે વાઘણ પ્રતિબોધી, તો તું સ્વામીતણો ઉપગાર.
તીરથ વાટે જે શીલ પાળે, પગ પગ પાતિક જાય.
પાજે ચઢતાં જેહ અનેક સિદ્ધા, માહરી દેહડી નિર્મલ થાય.
એકલઆહારી ભૂમિસંથારી, તેહને સચિત્તતણો પરિહાર.
રાયણ રૂખ પ્રભુજી સમોસર્યા, પૂરવ નવાણું વાર.
કર જોડી લીંબો ઇમ વિનવે, પ્રભુ આવાગમન નિવાર.

---

* આ પ્રાચીન કૃતિ પાટણના રહેવાસી શ્રાવક લીંબાની છે. તેઓ ઉપા. શ્રી યશોવિજયજી મહારાજના સમયમાં વિદ્યમાન હતા. ઋષિ લક્ષ્મીચંદજીએ પોતાના હસ્તલિખિત સંગ્રહમાં વિ. સં. ૧૭૪૫ માં આ સ્તવન લખેલ છે, તે ઉપરથી ઉતારીને પાટણનિવાસી શ્રી મોહનલાલ ગિરધરલાલે પ્રકાશનાર્થે મોકલેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मुसाफिर ।

[ सं. राजमल भण्डारी-आगर ]

आया जहांसे सैर करने, है मुसाफिर! तुं यहां ।
था सैर कर के लोट जाना, युक्त तुझको फिर वहां ॥
तू सैर करना भूल कर निज, घर बनाकर टिक गया ।
कर याद अपने देशकी, परदेशमें क्यों रुक गया ? ॥ १ ॥

अंजान कुल्टा नारीसे, सम्बन्ध तूने कर लिया ।
बच्चे हुवे, कच्चे हुवे, जंजालमें है फंस गया ॥
चें चें करे में में करे, यह हंस रहा वो रो रहा ।
है रे मुसाफिर! चेत जा, मलमूत्र क्यों ही धो रहा ? ॥ २ ॥

भंडार तेरा सत्य है, व्यवहार तेरा सत्य है ।
चैतन्यमें करता रमण, तु मुक्त शाश्वत नित्य है ॥
सुखरूप है निश्चित है, क्यों हो रहा तु दीन है ।
भाई मुसाफिर! शोक तज तु सर्व चिन्ताहीन है ॥ ३ ॥

संकल्प तेरा सिद्ध तुं, वरदान दाता सर्वका ।
अज्ञान से अपने बंधा, चाकर बना है सर्वका ॥
नहीं याद करता आपको, दर दर भटकता फिर रहा ।
आजा मुसाफिर! होंशमें, क्यों हाय हा! हा!! कर रहा ॥ ४ ॥

फंस कर अविद्या जालमें, आनंद अपना खो दिया ।
नहा कर जगतमल सिन्धुमें, रंग रूप सुन्दर धो दिया ॥
निःशोक है तु सर्वदा, क्यों मोहवश पागल भया ।
तज दे मुसाफिर! नींद जग, अब भी न तेरा कुछ गया ॥ ५ ॥

जीनको सुहृद तुं जानता, सब शत्रु है सच मान रे ।
जीतें मरे भी कष्ट दें, हितकर न उनको जान रे ॥
दे त्याग ममता सर्वकी, सच झूंठको पहिचान रे ।
प्रिय मुसाफिर! चेत हितकर, वाक्य पर दे ध्यान रे ॥ ६ ॥

आया यहां पर सैर करने, मार्ग अपना भूल कर ।
खाता फिरे हैं ठोकरें, निज भूल अब निर्मूल कर ॥
कर याद अपने धामकी, तू मत भटक अब दर-बदर ।
श्रुति संत कहते हैं मुसाफिर! मान सच विश्वास कर ॥ ७ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीमहावीरप्रार्थनाशतकम्

कर्ता–स्व. पंडित हरगोविंददास त्रिकमदास शेठ

સ્વ શ્રીયુત હરગોવિંદદાસ ત્રિકમદાસ શેઠ આપણા સમાજમાં સુપરિચિત વિદ્વાન હતા. "પાઇયસદ્દમહણ્ણવો" નામનો વિસ્તૃત કોશ એ તેમની ચિરંજીવ સ્મૃતિ છે. તેઓશ્રીએ ચરમ જિનપતિ શ્રી વીર ભગવંતની સ્તુતિરૂપે આ પ્રાર્થનાશતક બનાવેલ તે પ. પૂ. મુનિરાજશ્રી વિશાલવિજયજી દ્વારા પ્રાપ્ત થવાથી ક્રમશઃ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

भगवन् ! करुणासिन्धो, सर्वशक्तिसमन्वित ! ।
पुरतस्तव दीनस्य, प्रार्थनैका नतस्य मे ॥ १ ॥

देव ! त्वयोपदिष्टो यो, मार्गो दुःखविमुक्तये ।
तेनाहं गंतुमिच्छामि, करुणाऽऽवश्यकी तु ते ॥ २ ॥

ऋते ते करुणां नाथ, मादृशेनाल्पशक्तिना ।
पंगुनाऽन्तो नगस्येव, भवस्य कथमाप्यताम् ॥ ३ ॥

जानामि विगतद्वेषरागोऽसि न प्रसीदसि ।
न च रुष्यसि कस्मैचित्, किन्तु ते करुणोचिता ॥ ४ ॥

विरोधः करुणाया न, वीतरागतया सह ।
स्पष्टमीश ! तवैवैतच्चरित्रेणाधिगम्यते ॥ ५ ॥

करुणां ना करिष्यश्चेचंडकौशिकपन्नगे ।
नाप्स्यत् कदापि सौम्यत्वं, नापि स्वर्गसुखं च सः ॥ ६ ॥

निर्वाणसमये प्रैषीद्, यद्दूरे गौतमं भवान् ।
तत्वबलाप्तये तत्र, को हेतुः करुणां विना ? ॥ ७ ॥

वीतरागोऽपि जीवे भूयो, ह्यददाद्धर्मदेशनाम् ।
न तत्र करुणाभिन्नो, हेतुरन्यस्तु संगतः ॥ ८ ॥

यत्तु वाग्वर्गणाकर्म, क्षपणायेव देशना ।
मतं तदप्यभावस्य, करुणाया न सूचकम् ॥ ९ ॥

तादृशे कर्मबन्धेऽपि, मुख्यं यत् कारणं स्मृतम् ।
जगद्दुःखप्रहाणेच्छास्वरूपा करुणैव ते ॥ १० ॥

अस्म्यहं निर्गुणस्तेन, करुणा क्रियते न चेत् ।
विषयः करुणाया न, गुणदोषविचारणा ॥ ११ ॥ (क्रमशः)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

(૧)

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેંદ્રસૂરિજી મહારાજ

"પ્રશ્નોત્તર"નો વિભાગ એ આપણા માસિકનુ એક આકર્ષણ હતું. પ્રશ્નોત્તરથી વિશાળ વાંચન-મનન થવા ઉપરાંત સમજણશક્તિ વિકસે છે. "પ્રશ્નપદ્ધતિ" નામના ગ્રંથનો અનુવાદ ગયા વર્ષમાં ક્રમશઃ પ્રસિદ્ધ કર્યા પછી પ. પૂ. આચાર્યમહારાજશ્રી વિજયમહેંદ્રસૂરિજી મહારાજ "શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક" ગ્રંથનો અનુવાદ સરળ ભાષામાં રજૂ કરે છે, જે વાચકવર્ગને પ્રિય તેમજ રોચક નીવડશે.

પ્ર૦—(૧) સમવસરણમાં રહેલ ભગવાન્ કયા આસને બેસીને ધર્મદેશના આપે? શું પદ્માસને કે કોઈ બીજા આસને?

ઉ૦—આ વિષયમાં કેટલાક આચાર્યો જિનમંદિરમાં દેખાતાં આસનને જ જિનેશ્વરના આસનનું સ્વરૂપ કહે છે. પરંતુ આ તો એક લોકવ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવાન્ પાદપીઠ ઉપર પગ સ્થાપન કરી સિંહાસન ઉપર બેઠેલા યોગમુદ્રાએ હાથ ધારણ કરી ધર્મદેશના કરે છે. એ જ કારણ માટે ભગવાનના પ્રતિરૂપ તેમના સરખા હોવાથી આચાર્યો પણ પ્રાયે એ જ મુદ્રાએ વ્યાખ્યાન કરે છે. કેવલ તેઓ મુખવસ્ત્રિકા ધારણ કરે એટલું વિશેષ છે. यदुक्तं—चैत्यवंदनमहाभाष्ये जं पुण भणंति केई ओसरणे जिणसरूवमेयं तु ॥ जणववहारो एसो परमत्थो एसिसो एत्थ ॥ ५३ ॥ सिंहासणे निसन्नो पाए ठविउण पायपीढंमि करधरियजोगमुद्दो जिणनाहो देसणं कुणइ ॥ ५४ ॥ तेणं चिय सूरिवरा कुणंति वक्खाणमेय मुद्दाणा जं ते जिणपडिरूवा धरंति मुहपोत्तियं नवरं ॥ ५५ ॥

આ પ્રમાણે સમવસરણમાં ભગવાનના આસનનો વિચાર દર્શાવેલ છે.

પ્ર૦—(૨) ભગવાન્ ધર્મદેશનાના આરંભમાં કોને નમસ્કાર કરે છે?

ઉ૦—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને-ચતુર્વિધ સંઘરૂપ તીર્થને नमो तित्थस्स એ પદથી નમસ્કાર કરે છે ॥ ૨ ॥

પ્ર૦—(૩) ભગવાન્ દીક્ષા ગ્રહણ સમયે કોને નમસ્કાર કરે છે?

ઉ૦—ભગવાન્ દીક્ષા ગ્રહણ કરે તે સમયે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે. તે સમયે તેમને તે જ યોગ્ય હોય છે. આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે—

तओणं से समणे भगवं महावीरे पंचमुट्ठियं लोयं करेत्ता सिद्धाणं नमोकारं करेइ इत्यादि ॥

ત્યારપછી તે શ્રમણ ભગવાન્ મહાવીર પંચમુષ્ટિ લોચ કરીને સિદ્ધને નમસ્કાર કરે છે. ॥ ૩ ॥

પ્ર૦—(૪) વીરપ્રભુની પ્રથમ દેશનામાં કોઈપણ પ્રતિબોધ ન પામ્યો તો તે દેશનામાં ચાર નિકાયના દેવો જ હતા કે મનુષ્યો વિગેરે પણ હતા?

ઉ૦—શ્રી કલ્પવૃત્તિ, શ્રી સ્થાનાંગવૃત્તિ, શ્રી પ્રવચનસારોદ્ધાર બૃહદ્વૃત્તિના અભિપ્રાય પ્રમાણે તો મનુષ્ય અને તિર્યંચો પણ હતા. કેવલ દેવતા જ ન હતા. तथा च तद्वृत्तिपाठः-दशाश्चर्यद्वारे, श्रूयते हि भगवतः वर्धमानस्वामिनो जृम्भिकग्रामाद्बहिः समुत्पन्ननिस्सपत्नकेवलालोकस्य तत्कालसमायातसंख्याऽतीतसुरविरचितचारुसमवसरणस्य भूरिभक्तिकुतूहलाकुलितमिलिताऽपरिमिताऽमरनरतिर-



For Private And Personal Use Only

र्व्यां स्वस्य भाषानुसारिणा महाध्वनिना धर्मकथां कुर्वाणस्यापि न केनचिद् विरतिः प्रतिपन्ना: केवलं स्थितिपालनायैव धर्मकथाऽभूत् इत्यादि। इत्थमेव श्रीमदभयदेवसूरिकृतस्थानांगवृत्तिपाठोऽपि बोध्यः, श्रीहरिभद्रसूरिकृताऽवश्यकवृहद्वृत्त्याभिप्रायेण तु तदा देवा एवाजग्मुर्न तु मनुष्यादयस्तथा च संक्षेपतस्तत्पाठः-भगवतो ज्ञानरत्नोत्पत्तिसमनन्तरमेव देवाश्चतुर्विधा उपगता आसन् तत्र प्रव्रज्यादिप्रतिपत्ता न कश्चिद् विद्यते, इति भगवान् विज्ञाय विशिष्टधर्मकथनाय न प्रवृत्तवान् इत्यादि यावत् ततो ज्ञानोत्पत्तिस्थाने मुहूर्तमात्रं देवपूजां जीतमिति कृत्वाऽनुभूय देशनामात्रं कृत्वा, असंख्यदेवकोटिपरिवृतो रात्रौ एव विहृत्य द्वादशयोजनान्यतिक्रम्याऽपापापुर्याः, समीपे महसेनवनं प्राप्तः इत्यादि, श्रीमदाचारांगद्वितीयश्रुतस्कंधे षष्ठाध्ययने पुनरयं पाठः-तओ णं समणे भगवं महावीरे उप्पन्ननाणदंसणधरे०पु० वं देवाणं धम्ममाइक्खइ तओ पच्छामणुस्साणं तओणं गोयमाईणं समणाणं इत्यादि ।

ભગવાન્ વર્ધમાનસ્વામીને જૃંભિક ગામની બહાર અસાધારણ અદ્વિતીય કેવલજ્ઞાનનો પ્રકાશ ઉત્પન્ન થયો તે સમયે આવેલ અસંખ્ય દેવોએ સમવસરણ રચ્યું, ઘણી ભકિત અને કુતૂહલપૂર્વક મળેલ અસંખ્ય દેવ, મનુષ્ય અને તિર્યંચોને પોતપોતાની ભાષાને અનુસરનારી મહાધ્વનિવડે ધર્મકથા કરવા છતાં તે દેશનાથી કોઇએ વિરતિ ગ્રહણ કરી નહિ, કેવલ સ્થિતિ આચારના પાલન માટે જ ધર્મકથા થઇ હતી, આ જ પ્રમાણે શ્રી સ્થાનાંગની ટીકામાં પણ જાણવું. હરિભદ્રસૂરિકૃત આવશ્યકસૂત્રની મોટી ટીકાના અભિપ્રાય પ્રમાણે તો તે સમયે ભગવંતની પાસે દેવો જ આવ્યા હતા, મનુષ્યો વગેરે ન હતા. ભગવાન્‌ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તરત જ ચાર પ્રકારના દેવો જ આવ્યા હતા. તેમાં દીક્ષાદિ ગ્રહણ કરનાર કોઇ નથી એમ જાણીને ભગવાને વિશિષ્ટ ધર્મકથા ન કરી ઇત્યાદિ, ત્યાર પછી જ્ઞાનોત્પત્તિસ્થાને એક મુહૂર્તમાત્ર देवपूजां जीतमिति **સમવસરણની** રચના એ દેવોની પૂજા છે. એમ કહી અનુભવીને અસંખ્ય દેવોથી પરિવરેલા ભગવાન્ રાત્રિમાં જ બાર યોજનનો વિહાર કરી અપાપાનગરીની સમીપ મહસેન વનમાં આવ્યા, આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં પણ આ પાઠ છે. ત્યાર પછી શ્રમણ ભગવાન્ મહાવીર ઉત્પન્ન **થએલ** જ્ઞાન દર્શનને ધારણ કરનાર પ્રથમ દેવોને ધર્મ કહે છે. પછી મનુષ્યોને, પછી ગૌતમાદિ સાધુઓને ધર્મ કહે છે. એનો ખરો તત્ત્વ શું તે તો બહુશ્રુત કે કેવલીઓ જાણે.

**શંકા**-જો ભગવાનની પ્રથમ દેશનામાં દેવો જ આવ્યા હતા તો એમાં આશ્ચર્ય જેવું શું છે ? મનુષ્યાદિના અભાવે વિરતિ કોણ ગ્રહણ કરે ? **સમાધાન**-કેવલ દેવતા હોય તો તેમાં આશ્ચર્ય તો છે જ કેમકે દેવોમાં પણ મિથ્યાત્વની વિરતિ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ તો હોય છે. તે સમયે તે પણ થઇ નથી માટે આશ્ચર્ય જાણવું. જેને માટે **આવશ્યક** સૂત્રની મોટી ટીકામાં કહ્યું છે કે-ભગવાન્ ધર્મ કહે છે તે મનુષ્ય સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક એ ચારમાંથી કોઇ પણ વિરતિને ગ્રહણ કરે, તિર્યંચની સ્ત્રી સર્વવિરતિ છોડીને સમ્યક્ત્વ સામાયિક શ્રુતસામાયિકને ગ્રહણ કરે, જો મનુષ્ય કે તિર્યંચોમાંથી કોઇ પણ વિરતિને ગ્રહણ કરનાર ન હોય તો દેવોમાં અવશ્ય સમ્યક્ત્વને ગ્રહણ કરનાર હોય છે. આ પ્રમાણે વીરપ્રભુની પ્રથમ દેશનામાં મનુષ્યોનો આગમન અને અનાગમનનો વિચાર જાણવો.

**પ્ર૦**—(૫) સમવસરણમાં ભગવાનને વંદન કરવા માટે આવેલા દેવીના વાહનો ત્રીજા ગઢની ભૂમિમાં સંલગ્ન હોય કે અસંલગ્ન એટલે ભૂમિને અડકે કે નહીં ?

**ઉ૦**—સમવસરણમાં દેવીના વાહનો ત્રીજા ગઢની ભૂમિને ન અડકે-અદ્ધર જ રહે-ભગવતી સૂત્રના ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં તામલી તાપસના અધિકારમાં કહ્યું છે કે-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પત્રમાં તત્ત્વજ્ઞાન લેખાંક : (૨)

પંન્યાસશ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

"अठे धर्मकार्य सुखे प्रवर्ते छे. अपरम् थारा कागद समाचार पाया. वांची बहुत सुख पाया. अत्र ज्ञानगोष्ठीगरिष्ठ ऐसी सभा छे जे देखी थासरखां ज्ञानप्रिय लोकने घणुं सुख उपजे. ते मीछज्यो.—"

**અહિં ધર્મકાર્ય સુખે પ્રવર્તે છે.** મુનિ-જીવનમાં મુખ્ય લક્ષ્ય ધર્મકરણી સુખપૂર્વક સધાય એ હોય એ સ્વાભાવિક છે. એ હકીકત ટૂંકમાં ઉપર પ્રમાણે જણાવી છે.

**બીજું-તમારા કાગળ-સમાચાર મળ્યા.** આ પત્ર ઉત્તરરૂપે લખાયો છે. આ વાત પ્રથમ પણ આવી ગઇ છે. અહિં એ સ્પષ્ટ છે. કાગળ મળ્યો અને સમાચાર જાણ્યા એમ લખવાને બદલે ટૂંકમાં 'કાગળ-સમાચાર' એટલેથી પતાવી દીધું છે. એમાં કહેવાનો આશય સ્પષ્ટ તરી આવે છે.

**'વાંચી ઘણું સુખ થયું'**-કાગળમાં તત્ત્વજ્ઞાનને લગતા અનેક ગંભીર પ્રશ્નો છે. એવા પ્રશ્નો વાંચીને આનંદ કેમ ન થાય? જરૂર થાય. આવા જ્ઞાનરસિક શ્રાવક-જનો સાથેનો ધર્મસ્નેહ આ રીતે વૃદ્ધિ પામે-ટકે.

**અહિં જ્ઞાનગોષ્ઠી-જ્ઞાનચર્ચા મોટી ચાલે એવી સભા છે.** ખંભાતથી આ પત્ર લખાયો છે. ત્યાં પણ તત્ત્વજ્ઞાનની ચર્ચામાં રસ લેતા અનેક શ્રાવકો વગેરે રહે છે. સભામાં-વ્યાખ્યાનમાં એવા એવા પ્રશ્નો પૂછે છે. ગંભીરપણે પૂછે છે. જિજ્ઞાસા-વૃત્તિથી સાંભળે છે. ખપી જીવો છે.-

એવી સભા જાણીને પણ આનંદ થાય તો સાક્ષાત્ એવી સભાનો પરિચય થતાં આનંદ કેમ ન થાય? આનંદ એવા પ્રસંગે તેને ન થાય કે જેને જ્ઞાન-વિનોદમાં રસ નથી જે જડ છે. જ્ઞાન-રસિકને તો જરૂર આવા સમાચારથી આનંદ ઉપજે. જેસલમેરથી ખંભાત આવવું એ, એ સમયમાં સહેલું ન હતું. એટલે સીધું એમ તો ન જણાવાય કે તમે અહિં આવજો કે આવશો તો આનંદ આવશે, પણ **જે દેખી તમારા જેવા જ્ઞાનપ્રિય જનને ઘણું સુખ ઉપજે એ જાણજો.**

આવી સભા જોઇને તમારા જેવા જ્ઞાનરસિક માણસોને ઘણો આનંદ ઉત્પન્ન થાય-એ જાણજો.

વ્યંગ્યરીતે એ પણ સૂચવ્યું કે અનુકૂળતા હોય તો આવજો.

थें लिख्यो छे, जे "केवली कवलाहार करइ, पणि तिणरी युगति किउं नथी लिखी?" ते लिखतां ग्रंथांतर थाई. ते भणी न लिखीती. बीजां सर्व प्रसनरी युगति तो थांनइं पुहुती, थांहरुं दिल प्रसन्न हुउं. हवे-ते युगति जाण्यारी इच्छा छइं. सा गदाधरमहाराज हस्ते अध्यात्ममतपरीक्षारो बालावबोध लिखावी आपस्यां, तेथी सर्व मीछज्यो—

**તમે લખ્યું છે-જે- 'કેવલી કવળાહાર**

समवसरणे देवयानानि भूमावलग्नानि स्युरित्यादि ॥ ५ ॥

પ્ર૦—(૬) સમવસરણમાં કેવલીયો ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરીને નમસ્તીર્થાય આ પ્રમાણે કહીને બેસે છે, તેમાં તીર્થ શબ્દથી પ્રથમ ગણધર કહેવાય કે ચતુર્વિધ સંઘાદિ?

ઉ૦—ત્યાં તીર્થ શબ્દનો પ્રથમ ગણધર જ અર્થ જાણવો; બીજો કોઇ નહિ. શ્રી મલયગિરિસૂરિ મહારાજે બૃહત્કલ્પની ટીકામાં એમ જ કહેલ છે. આ પ્રમાણે કેવલીયો પણ પ્રથમ ગણધરને વચનવડે નમસ્કાર કરે છે ॥ ૬ ॥ (ચાલુ)



For Private And Personal Use Only

કરે, પણ-તેની યુક્તિ કેમ નથી લખી?' તે લખતાં ગ્રંથાન્તર થાય, તે માટે ન લખી હતી. બીજા પ્રશ્નોની યુક્તિ તો તમને પહોંચી. તમારું દિલ પ્રસન્ન થયું. હવે તે યુક્તિ જાણવાની ઇચ્છા છે-તે ગદાધર મહારાજને હાથે અધ્યાત્મમતપરીક્ષાનો બાલાવબોધ લખાવી આપીશું તેથી જાણજો ---

આ પત્ર વ્યવહાર પ્રથમ જ નથી. પત્રવ્યવહાર ચાલુ છે. એટલે આ પત્ર ઉપરથી એ કલ્પના સહેજે થઇ શકે છે કે આની પહેલાં એ શ્રાવકોએ પૂછાવેલા કેટલાક પ્રશ્નોનો ઉત્તર ઉપાધ્યાયજી મહારાજે આપ્યો હતો. તેમાંના અનેક પ્રશ્નોમાં 'કેવલી કવલાહાર કરે કે નહિ' એવો એક પ્રશ્ન હતો અને તેના ઉત્તરમાં ટૂંકમાં-'કેવલી કવલાહાર કરે' એ પ્રમાણે જણાવેલ. એના અનુસંધાનમાં આ વખતે અન્ય પ્રશ્નોના પત્રમાં એ શ્રાવકોએ પૂછાવ્યું કે-'કેવલી કવલાહારની યુક્તિ કેમ નથી લખી-?' એનો ઉત્તર ઉપાધ્યાયજી મહારાજ આપે છે-

કેવલી કવલાહાર કરે-એની યુક્તિઓ જણાવવી એ નાની વાત નથી. ટૂંકમાં એ જણાવાય નહિ. એ લખવા જઇએ તો એક મોટો ગ્રંથ થઈ જાય. કેટલીક હકીકતો એવી હોય છે કે જે ટૂંકમાં પણ બરાબર સમજાવી શકાય છે. જ્યારે કેટલીક હકીકતો જ એવી હોય છે-જે ટૂંકમાં લખવા જતાં વિશેષ ગૂંચ ઊભી થાય. એ હકીકત જ્યારે સમજુને સમજાવવાની હોય ત્યારે પરિપૂર્ણ-શક્ય હોય તે પ્રમાણે-જણાવવી જોઇએ. એ જણાવતાં ગ્રંથાન્તર થઇ જાય એ સ્વાભાવિક છે. એ કારણે યુક્તિઓ જણાવી ન હતી.

ચાલુ પત્રમાં આગળ ઉપર કેટલીક યુક્તિઓ આવવાની છે---

કેવલી કવલાહાર સિવાયના બીજા અનેક પ્રશ્નોના ઉત્તરો પૂ. ઉપાધ્યાયજીએ યુક્તિયુક્ત જણાવ્યા હતા. એ વાંચીને તે શ્રાવકોના મનને આનંદ ઉપજ્યો હતો. એ વાત તેઓશ્રીએ સ્પષ્ટ લખી છે.

હવે કેવલી કવલાહાર કેમ કરે એ સંબંધી યુક્તિઓ જાણવાની તમોને ઇચ્છા છે-તો તે યુક્તિઓ-પૂ. ઉપાધ્યાયજી મહારાજે 'અધ્યાત્મમતપરીક્ષા' નામે એક ગ્રન્થ દિગમ્બરના અધ્યાત્મવાદનું ખંડન સમજાવતો લખેલ છે. એ ગ્રંથમાં કેવલી કવલાહાર કરે તેની અનેક યુક્તિઓ જણાવેલ છે, પણ એ સર્વ સંસ્કૃત ભાષામાં હોવાને કારણે પ્રશ્નકાર શ્રાવકોને ન સમજાય એટલે તેનો બાલાવબોધ-અર્થાત્ ગૂર્જરભાષાનુવાદ લખીને મોકલવામાં આવે તો તે શ્રાવકો સમજી શકે.

ઉપાધ્યાયજી મહારાજ પાસે ગદાધર મહારાજ નામે એક લહીયો રહેતો હતો. તે ઉપાધ્યાયજી મહારાજની પ્રતોની નકલો કરતો હતો. તેને હાથે અધ્યાત્મમતપરીક્ષા-બાલાવબોધની નકલ કરાવીને શ્રાવકો ઉપર મોકલી આપવાનું પત્રમાં જણાવેલ છે એથી સર્વ જાણજો-એ જણાવીને આ બાલાવબોધ વાંચવાથી કેવલી કવલાહાર કેમ કરે? તે સંબંધી યુક્તિઓ જાણવાની જે ઇચ્છા જાગી છે તે ઇચ્છા પૂરી થશે. આ ગ્રંથમાંથી અનેક યુક્તિઓ જાણવા મળશે.

હાલ પણ એ ગ્રંથ વિદ્યમાન છે અને તેમાં સચોટ યુક્તિઓ આપેલ છે. જે વાંચતાં તર્કરસિકને જરૂર આનંદ આવે એવું છે. ( ચાલુ )


## પ્રભાવિક પુરુષો :: ભાગ ત્રીજો

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્‌ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણ સો પાનાના પાકા બાઈડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:---શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## ચાર અનુયોગના સ્થાપક—શ્રી આર્યરક્ષિતસૂરિ લેખાંક : (૪)

લેખક : મોહનલાલ દીપચંદ ચોકસી

ગાઢ અંધારા પણ સિંહ ગેહ

ભાઈ! આ સામે દેખાય છે એ આપણી માતૃભૂમિ! એના ખોળે નવનવી ક્રીડાઓમાં આપણો બાલ્યકાળ આપણે વ્યતીત કર્યો છે. પછી જ્ઞાનાર્જનનો સમય આવ્યો એટલે મારે દેશાંતરની દિશા પકડવી પડી. પંડિત પદવી પ્રાપ્ત કરી જ્યારે હું અહીં આવ્યો ત્યારે, મંદસોરના સ્વામીએ કોઈને પણ અસૂયા ઉપજાવે એવું સ્વાગત કર્યું. પિતાશ્રી તેમજ અન્ય સ્વજનોના ચહેરા ઉપર હર્ષની રેખાઓ નાચી રહી! એ વેળા તારા મુખારવિંદ પર જે ભાવ મેં નિહાળ્યા તે ઉપરથી મનમાં મેં ગાંઠ વાળી કે આ લઘુ ભ્રાતા મારા પ્રત્યે જે ગાઢ સ્નેહ ધરાવે છે તે દશરથપુત્ર લક્ષ્મણના શ્રીરામ પ્રત્યે જેવો સ્નેહ હતો તેની જનતાને ઝાંખી કરાવશે. આ બધા પૂર્વકાળના પ્રસંગોની સ્મૃતિ આંખો સામે રમી રહી છે ત્યાં એક સ્વર કર્ણપટ પર અથડાય છે અને તે એ જ કે—

જો માતુશ્રી પણ એ આનંદમાં તલ્લીન બન્યા હોત અને આચાર્ય મહારાજ તોસલીપુત્ર પાસે જવાનો—આત્મકલ્યાણકારી એવા અપૂર્વ જ્ઞાનને મેળવવાનો—આદેશ ન કર્યો હોત તો આજે હું કેવું જીવન જીવી રહ્યો હોત, અને બંધુ! તું પણ સંસારચક્રના કયે પગથિયે ચડી ગયો હોત!

જે અનોખા જીવનની ઝાંખી આજે આપણે ઉભય કરી રહ્યા છીએ તે જાણવાનો યોગ ન જ સાંપડત; તો પછી અનુભવવાની તો આશા જ ક્યાં હતી? વડિલભ્રાતા, '**જનનીની જોડ સખી નહીં મળે રે**' એ કવિની ઉક્તિ અક્ષરશઃ સાચી છે. માતુશ્રી તરફના એ મહાન્ ઉપકારને કદી પણ વીસરી શકાય તેમ નથી જ. પુત્ર માટે સુરૂપવાન ને સુલક્ષણી વહુ શોધવાના અને એને જલ્દી ગૃહસ્થાશ્રમમાં પગલા ભરાવવાના પ્રયાસ તો હજારો માતાઓ કરે છે, પણ આપણી જનનીએ, કોઈ જૂદી જ પગલી પાડી. એ બાહ્ય આનંદને તિલાંજલી દઈ, આપણા આત્મિકજીવનની કોઈ નવીન દિશા ઉઘાડવામાં જે નિમિત્ત પ્રથમ તમારી સામે ધર્યું, અને પાછળથી મને એમાં જોડ્યો એ જ્ઞાનનયથી જોઈએ તો તેણીનું અજોડ કાર્ય ગણાય. આ પ્રકારનું વાત્સલ્ય દાખવનાર માતાનો યોગ જવલ્લે જ મળે.

ગઈકાલે જ્યારે ઉદ્યાનમાં આપણું આગમન સાંભળી માતા-પિતા અને ખુદ રાજવી દર્શને આવ્યા ત્યારે તેઓના ચહેરા હર્ષથી પ્રફુલ્લિત બન્યા હતા. લાંબા કાળે પોતાના નજિકના સ્વજનોની—અરે ખુદ ખોળો ખુંદનારની. આંખો મળે ત્યારે હરકોઈને આનંદ થાય જ. વ્યવહાર પણ એવો જ દષ્ટિગોચર થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે આપનો ઉપદેશ સાંભળ્યા પછી, લાંબા કાળના વિરહથી અનુભવેલ દુઃખની કે પુત્રોના ભવિષ્ય પર પોતે બાંધેલી આશાઓની યાદ સરખી ન કરતા, કેવળ એટલું જ કહ્યું કે—સંસારી સંબંધનું સંબોધન તો સાધુતાના વેશ સામે રહેવા પામ્યું નથી છતાં જે જ્ઞાનગરિમાની પાવરી પર તમો ઉભય પહોંચ્યા છો, એમાં અખંડ બ્રહ્મચર્યના જે છાંટણા છંટાયા છે, એથી, તમારી બોધ દેવાની શક્તિ સચોટ બની છે. મનમાં તો હતું કે સમજાવીને તમોને અમારામાં ભળાવીશું પણ એને બદલે વિચારમંથન થઈ રહેલ છે કે—જે તમારી પાસે છે તે એવું અપૂર્વ છે કે, મેળવવાને બદલે અમો જ એમાં ભળી જઈએ તો ઉપદેશ શ્રવણ કર્યો લેખે ગણાય.

અલબત વૈદિક સંસ્કૃતિમાં ઉછરેલ અને વિપ્રવંશના સંસ્કારથી પોષાયેલ અમારા આત્માને મૂળથી પરિવર્તન કરવા સારુ થોડો સમય જોઈશે.

પિતાશ્રીના એ બોલ હજુ પણ મારા કાનમાં ગુંજારવ કરી રહ્યા છે. અધ્યયન છોડીને આવતાં મને ઓછું દુઃખ નથી લાગ્યું. ગુરુમહારાજે છેલ્લી વિદાય આપી એ વેળા તેઓશ્રીના ચહેરા પર જે એક રેખા મારી નજરે ચઢી એથી મનમાં ઘડીભર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો વિચાર પણ આવ્યો કે-હજુ પણ થોભી જઇ, જ્ઞાનદાતા આચાર્ય પાસેથી જ્ઞાનના પાઠ પઢું અને તેઓ ઇચ્છે ત્યારે જ મંદસોર તરફ સીધાવું, પણ પ્રેમાળ માતાના વચનો યાદ આવ્યા, મને જોવા ને મળવા માટે તેઓ આતુર થઇ રહ્યા છે અને એ કારણે તને ખાસ મોકલ્યો એ વાતે એટલું જોર પકડયું કે, જ્ઞાનપ્રાપ્તિની ગાંઠ ઢીલી થઇ ગઈ. મનને મનાવ્યું કે એક વાર માતાને મળી આવી, પુનઃ જલ્દી પાછો ફરીશ. ભાઇ, આખા રસ્તે વિહાર દરમીયાન, મારા મનોપ્રદેશમાં મુખ્યત્વે બે વાતો ખાસ રમણ કરી રહેલી છે. માતુશ્રીના મિલાપનું ખેંચાણ અને પૂજ્ય વજ્રસ્વામીજીના શબ્દો.

વાર્તાલાપના પ્રસંગ ઉપરથી સહજ સમજી શકાય છે કે એ ભ્રાતા એવા **આર્યરક્ષિત** અને **ફલ્ગુરક્ષિત** વચ્ચે ચાલી રહ્યો છે અને એનું સ્થળ **મંદસોર**-નું ઉદ્યાન છે. છેલ્લા આપણે તેમને **અવંતીમાં** જોયેલા, એટલે અહીં આવવા અંગેના અંકોડા સાંધી લઇ, આગળ શું બને છે તે પ્રતિ દૃષ્ટિ કરીએ.

ફલ્ગુરક્ષિત, મોટાભાઇને તેડી જવા માટે રોકાયો એટલું જ નહીં પણ ભાગવતી દીક્ષા પણ અંગીકાર કરી. દ્વિજ વંશમાં જ્ઞાનપ્રાપ્તિનો યોગ સહજ હોય છે એટલે એણે પણ અધ્યયનમાં સારી પ્રગતિ સાધી. અવકાશના સમયે ઉભય ભ્રાતાઓ વચ્ચે તત્ત્વવિષયિક વાર્તાલાપ થંતો અને વૈદિક સંસ્કૃતિ કરતાં આ શ્રમણ-સંસ્કૃતિ કેવી અનોખી છે અને એમાં જો સમજીને અવગાહન કરવામાં આવે તો આત્મકલ્યાણ ને જન-કલ્યાણમાં એ કેવી સત્વર ફળ દેનારી છે તેનો તાગ કઢાતો. ઉભયે નિશ્ચય કર્યો કે માતાને માત્ર મળવું એનો કંઇ જ અર્થ નથી. તેણીની પ્રેરણાવડે જે અમૃત લાધ્યું તેનો લાભ સૌપ્રથમ તેણીને આપવો. અરે! ભલેને પિતા ચુસ્ત વેદાંતી રહ્યા, છતાં છે તો વિદ્વાન્. તેમને પણ અરિહંતના માર્ગે આણવા એમાં કંઇ જ અશક્ય નથી વિદ્વાનો સામે યુક્તિપુરસ્સર રજુઆત કરાતી વાત નકામી નથી જતી. ભગવંત **શ્રી મહાવીરદેવે** કૈવલ્ય પછી સૌપ્રથમ ઉપદેશ દેવા સારુ મહાસેનવન અને **ઇંદ્રભૂતિ** આદિ વિપ્રોને એ કારણે જ પસંદ કર્યા. ચૌદ વિદ્યાનો પારગામી એ નિષ્ણાતોને **અપેક્ષારૂપી** અંજન આંજ્યું કે તેઓની દૃષ્ટિ જ ફરી ગઇ! ઇંદ્રજાળિક કહેનાર ઇંદ્રભૂતિ પોતે પચાસ વર્ષની જઇફ વયે બેંતાલીશ વર્ષના **શ્રી વર્ધમાનને** ગુરુ સ્વીકારી તેમના ચરણકિંકર બન્યા.

મોટાભાઇ, મારા આવ્યાને પણ મહિનાઓ વીતી ગયા છે. માતાના નયણ ચાતક માફક આતુર થઇ રહ્યાં હશે. હવે તમો આચાર્યશ્રીને પૂછો કે કેટલું બાકી છે?

બીજે દિને પાઠ લેતી વખતે, આર્યરક્ષિતજીએ વિનયપૂર્વક જણાવ્યું કે—

ગુરુદેવ! હવે દશમા પૂર્વનું કેટલું અધ્યયન બાકી રહે છે? આપ જાણો છો કે માતુશ્રીનો આગ્રહ છે કે એક વેળા મંદસોર આવી જા, એ કારણે અનુજ બંધુને તેડવા મોકલ્યો; એને પણ મેં અભ્યાસ પૂર્ણ કરવાની લાલચથી અહીં થોભાવ્યો અને શ્રમણ-સંસ્કૃતિનું પાન કરાવ્યું. હવે ઉભય બંધુઓને એક વાર માતૃભૂમિએ પહોંચવાની તમન્ના જાગી છે.

વત્સ! વહેવાર નયથી કહું તો દશ પૂર્વના અધ્યયન માર્ગે તું ઘણું આગળ વધ્યો છે પણ જ્ઞાન મેળવવું અને એ સાથે એને પચાવવું પણ જરૂરી છે. પચાવતાં શિખવું રહેલ નથી. એ માટે ગુરુ-શિષ્યને એકાંત સાધી અવારનવાર પ્રશ્નો ઉઠાવી ભારે મથામણ કરવાની હોય છે. નહીં તો મેળવેલ જ્ઞાન કયાં તો વેદીયાવેડામાં પરિણમે છે અને સંસારમાં એની કિંમત **'ભણ્યો પણ ગણ્યો નહિ'** જેવી થાય છે. એ દૃષ્ટિએ મારે તારા પ્રશ્નનો જવાબ આપવાનો હોય તો કહેવું જોઇએ કે-તું હજુ ગાગરમાં સમાય તેટલે આવ્યો છે અને સાગર જેટલું મેળવવાનું બાકી છે.

જો આ સ્થિતિ હોય તો, ગુરુદેવ, અમ ઉભયને વિહરવાની રજા આપવા કૃપા કરો. અમારી ધીરજનો અંત આવ્યો છે.

વત્સ! હજુ થોડો સમય થોભી જા. તારી જ્ઞાનપિપાસા જોતાં હવે એમાં નિષ્ણાત થતાં વધુ વિલંબ નહીં થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કારાગૃહવાસ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

કારાગૃહ એટલે બંધનમાં રહેવાનું ઘર અથવા જેલ. એની અંદર ગુન્હો કરનારને પૂરવામાં આવે છે. એનું જીવન સર્વથા પરાવલંબી હોય છે, દરેક હીલચાલ બીજાના તાબે રહીને જ કરવાની હોય છે. ખાવું, પીવું, હાલવું, ચાલવું વિગેરે બધું જ એને પરવશપણે કરવું પડે છે. એમાં ફેરફાર કરતાં માર પડે છે. એવી સ્થિતિ કોને પ્રિય લાગે? પણ એવી કપરી સ્થિતિમાં પણ મોજ માણનારા માનવો હોય છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. બીજી વાર જેલમાં આવે ત્યારે તે માણસને ઓળખવા માટે તેને માથે કાળી ટોપી મૂકવામાં આવે છે. બબે ચાર ચાર વાર જેલનિવાસ કરનારા તો શું પણ ૧૮ વાર જેલ-જાત્રા કરી આવેલા માનવો અમારા જોવામાં આવેલા છે. લગભગ આખું આયુષ્ય એણે જેલમાં પૂરું કર્યું

---

પૂજ્ય આચાર્યશ્રી ! જવાની ઉત્કંઠા એટલી હદે તીવ્ર બની છે કે, પહેલાંની જેમ અભ્યાસમાં ચિત્ત ચોંટતું નથી. વારંવાર માતાના દર્શનના વિચાર આવે છે, બાકી ત્વરિત વિહાર કરી ત્યાં પહોંચી જઈ, કામ પતાવી સત્વર પાછો ફરીશ.

ગુરુદેવ, ઘડીભર શિષ્યની આગ્રહભરી માગણી જોઈ વિચારમગ્ન બન્યા. ઉપયોગ દેતાં જ સ્વપ્નના ભાવ સાચા પડવાનો યોગ જણાયો. લાગ્યું કે પુનઃ મેળાપ સંભવિત નથી. ભાવિ બળવાન છે.

દેવાણુપ્રિય ! જો તારો આ નિશ્ચય જ હોય તો મારા તરફથી એ માટે પ્રતિબંધનું કારણ નથી. આત્મકલ્યાણકારી જે જ્ઞાન મેળવ્યું છે એનો લાભ માતા-પિતાને ખાસ આપવા યત્નશીલ બનજે; કેમકે એ વડિલોના ઉપકારનો બદલો કંઈક અંશે એમને ધર્મમાર્ગે આણવાથી જ વળશે. शुभास्ते पन्थाः ।

ઉપર મુજબ આજ્ઞા મેળવી ઉભય શ્રમણો, વિચરતાં વિચરતાં, કેટલાક મહિનાઓ પછી મંદસોરની ભાગોળે આવી પહોંચ્યા હતા. ઉદ્યાનમાં ઉતારો કર્યો હતો. એ પછી સ્વજનો સમક્ષ જે ઉપદેશ આપ્યો હતો એને લઈ, જે ભાવના વડિલોમાં અંકુરિત થઈ હતી, એ જોતાં આ શ્રમણયુગલને વિહાર વેળાના ગુરુદેવના વચનો યાદ આવ્યા; અને કોઈપણ હિસાબે માતાપિતાને શ્રમણધર્મના રસિયા બનાવવાનો નિશ્ચય કર્યો એટલે સ્થિરતા કરવાની ફરજ પડી.

આમ છતાં બાકી રહેલ પૂર્વજ્ઞાન મેળવવાની આકાંક્ષાને જરાપણ ઓટ નહોતો આવ્યો. આર્ય-રક્ષિતજી અહીંનું કાર્ય પતાવી સત્વર ગુરુ સમિપ પહોંચી જવાય એ સારુ અવારનવાર વંદનાર્થે આવતા પથિકોને તેઓશ્રીના વિહાર સમાચાર પૂછતાં હતાં.

ત્યાં તો એક સંધ્યાએ જે સમાચાર પ્રાપ્ત થયા એથી હૃદયગત કામના પર કાયમનો પડદો પડી ગયો. એ સાંભળતાં આવા વિદ્વાન પણ ક્ષણભર ક્ષોભ પામ્યા. **ભગવંત શ્રી વીરનું** નિર્વાણ સાંભળી જેવી સ્થિતિ **શ્રી ગૌતમસ્વામીની** થઈ હતી તેવી તેમની થઈ પડી. **ભવિતવ્યતા તો બળવાન** છે એ જ્ઞાની વચન પર મન કેંદ્રિત કર્યું અને એટલું જ બોલ્યા.

## મારી દશ પૂર્વ પૂરા કરવાની આશા અધૂરી જ રહી!

આવનાર મુસાફરે જણાવ્યું હતું કે-પૂજ્ય વજ્ર-ર્ષિએ પટ્ટધર એવા શ્રી વજ્રસેનને દક્ષિણ તરફના વિહારની આજ્ઞા આપી પોતે રથાવર્તગિરિ તરફ વિહાર કરેલો. પહોંચ્યા પછી અનશન આદર્યાના સમાચાર મને ચિતોડગઢ મળ્યા હતા. મને મંદસોર આવ્યાને પાંચ દિવસ થયા. મારા આડતીયાના પત્રમાં ગુરુદેવના કાળધર્મ પામ્યાનો વૃત્તાન્ત છે. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે, બહાર રહી મજૂરી કરીએ ત્યારે માંડમાંડ ખાવાનું મળે. કોઈ વખત મજૂરી ન મળે ત્યારે તો ભૂખે જ મરવાનું ને! તેના કરતાં તો એકાદ ગુનો કરી જેલમાં જઈએ ત્યારે મજૂરી તો કરવાની જ હોય, પણ સાથે જ જમવાનું વખતસર મળી જાય છે, માટે જ એવા માણસો કારાગૃહમાં જવું વધારે પસંદ કરે છે અને છૂટી જતી વેળા પોતાની જગ્યા અનામત મૂકી રાખવા સૂચના કરતા જાય છે. એવા હમેશને માટે જેલજાત્રા પસંદ કરનારા માનવોનું અંતઃકરણ એટલું ટેવાઈ ગએલું હોય છે કે, જેલનિવાસ દરમિયાન પણ ત્યા જેલના કાનૂનોનો ભંગ કરી ત્યાં તેઓ જેલની સજાઓ ભોગવે છે. મતલબ કે, ગુનો કરવાનું તેને મન થઈ જ જાય છે. જરા જેવો પણ પ્રસંગ મળી જાય છે ત્યારે એ ગુનો કર્યે જ જાય છે. અને એવી પડેલી ટેવ એની પાછળ અનંત ભવો સુધી એની પાછળ ચોંટીને જ રહે છે. અકસ્માત્ કોઈ સંત મહાત્માનો યોગ મળી જાય અને એમનો ઉપદેશ એના મન સાથે ઓતપ્રોત થઈ જાય તો મોટું ભાગ્ય! પણ એ ટેવ છૂટવી લગભગ અશક્ય પ્રાય જણાય છે. હવે આપણી પોતાની સ્થિતિની સરખામણી એની સાથે જરા કરી જોઈએ.

આપણે બધાઓએ કાયદાઓનો અભ્યાસ કર્યો ન હોય છતાં અમુક જાતના ગુનાઓ સજાને પાત્ર છે અને આપણે તેવો ગુનો કરશું તો આપણને સજા થશે એવું તો આપણે સમજીએ છીએ. એમ છતાં મોટા સાહુકાર તરીકે ગાજનારાઓને સજા થએલી આપણે જોઈએ છીએ. શું એ ગુનો કરતા આપણે દંડાઈશું એવું એ જાણતા ન હતા? વારંવાર એમ બને છે કે, મોટા ધર્મી કહેવડાવનારા સજ્જનો પણ અનેક જાતની સ્વાર્થની લાલચમાં સપડાઈ ગુનાઓ કર્યે જ જાય છે. આપણે ગુનો કરતા સપડાઈ નહીં જઈએ એવી સાવચેતી જરૂર રાખે છે. રાજકર્તાઓ કદાચિત્ સજા નહીં ફરમાવે, તેમના સકંજામાંથી કદાચ છૂટી જઈએ તો પણ સર્વોપરી જે કર્મરાજા તેને ઠગવાનું સાહસ આપણે શી રીતે કરી શકશું? એનો વિચાર પણ કોઈના મગજમાં સ્ફુરતો નથી એ આશ્ચર્યની વાત છે. અમુક જાતની ક્રિયા કે અનુષ્ઠાન કર્યું એટલે આપણે ખૂબ ધર્મ કર્યો એમ માની પોતે કરેલ ગુનાનું પોતાને જ વિસ્મરણ થાય છે, એ મૂર્ખાઈભરેલું સાહસ નહીં તો બીજું શું? પોતાને પોતાના હાથે જ ઠગવાનો એ પ્રકાર અપૂર્વ છે અને એ આપણી આત્મવંચના અને નબળાઈ નહીં તો બીજું શું છે?

આપણે જે કુળમાં અને જે પરિસ્થિતિમાં જન્મ લીધો છે એ આપણી લાયકાત મુજબ મળેલો કારાગૃહવાસ જ છે એમ નથી લાગતું? એ કારાગૃહમાં આપણે અલ્પ જેવી છૂટછાટ ભોગવીએ છીએ, એવી છૂટછાટોમાં પણ પેલા જેલભૂખ્યા ગુનેગારની પેઠે વારંવાર ગુનાઓ કરીએ અને તે ગુનાઓની જેલની જ સજાઓ ભોગવ્યા કરીએ અને છતાં ડાહ્યા સાહુકાર થઈએ એ નર્યો દંભ નહીં તો બીજું શું હોઈ શકે? એ જેલની અંતર્ગત સજા આપણે ભોગવી જ રહ્યા છીએ એ વસ્તુ સુસ્પષ્ટ છે. આ જન્મમાં કોઈનો અપરાધ કરીએ ત્યારે તેનો તરત જ બદલો મળી રહે. એવી સજાઓ તો હરહંમેશ આપણે ભોગવવી પડે છે. અને આમ છતાં આ જન્મના મળેલા કારાગૃહવાસમાં રહ્યા છતાં પણ ગુનાઓ વધતા જ રહે અને નિત્ય નવી સજાઓ ભોગવ્યા જ કરીએ એ આપણી નાદાની કેવી કોટીની?

કોઈ ગુનો કરનારને જ્યારે સરકાર જેલમાં સજા ભોગવવા મોકલે છે ત્યારે તેનો હેતુ તે ગુનેગારને સુધારવાનો હોય છે. આવો અપરાધ કરીએ ત્યારે આવી સજા મળે છે, ત્યારે એવો ગુનો આપણે કરવો નહીં જોઈએ એવો વિચાર ગુનેગારે કરવાનો હોય છે. અને આગામી જીવન સુધારી લેવાની તક ઝડપી લેવી જોઈએ. એમ થતું હોય તો કાળી ટોપીવાળા કેદીઓ નજરે ન જ પડે, પણ એમ થતું નથી. સજા ભોગવતા છતાં મનુષ્ય ઘણા કાળથી ટેવાઈ ગએલ હોવાથી અપરાધો કર્યા જ કરે છે. અગ્નિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અડવાથી દાઝી જવાય, બળતરા થાય એવો અનુભવ થતાં એક બાળક પણ અગ્નિથી દૂર રહે છે. પણ આ શરીરથી અને ઉમરમાં વધેલો અજ્ઞાની બાલજીવ એ પ્રત્યક્ષ મેળવેલ અનુભવનો લાભ લઇ પોતાને સુધારતો નથી એ કેટલી શરમજનક ઘટના છે.

કોઇ મનુષ્ય ખૂન કરે છે અને સરકાર એને ફાંસીએ ચડાવે છે, પણ જે માણુસ દસ વીસ ખૂનો કરી રહ્યા બાદ પકડાય તેને સરકારના હાથમાં અધિકાર હોવા છતાં કેટલીવાર ફાંસી આપી શકે છે? સરકાર પણ મનુષ્યોની જ બનેલ છે અને એકથી વધુ વાર એક જ માણુસને બીજીવાર ફાંસી આપવી એ મનુષ્યની શક્તિની બહાર છે. જેટલો નાનો મોટો ગુનો તેટલી જ નાની મોટી સજા હોય એ કુદરતી નિયમ છે. ત્યારે એક ખૂન કરનારને એક વખત ફાંસી અપાય છે ત્યારે દસ ખૂન કરનારને પણ એક જ વાર ફાંસી અપાય એ નિયમ શા રીતે સુસંગત હોઇ શકે? જે કાર્ય મનુષ્ય ન કરી શકે તે કાર્ય કુદરત જરૂર કરે છે જ. જે કાર્ય એક જ જન્મમાં થવું શક્ય ન બને તે કાર્ય અન્યાન્ય જન્મોમાં થયા વગર રહેવાનું નથી જ. મતલબ કે, ગુનાની સાથે સજા સંલગ્ન હોય છે જ. પોતાની મેળે જ ગુનાનો એકરાર અને સાચો પશ્ચાત્તાપ અને ફરી એવો ગુનો ન થાય તેવી તાકાવેલી હોય તો જ સજાનું સ્વરૂપ સૌમ્ય થવાનો સંભવ છે. અને એમ થતું નથી ત્યાં સુધી ગુનાઓ અને સજાઓની પરંપરા શક્ય નથી.

આપણને પ્રાપ્ત થએલું શરીર, આ દેશ, એ ગામ, એ કુળ, એ ધર્મ, એ સામગ્રી એ બધું આપણે કરેલી કર્મની કમાણીનું જ ફળ છે. એ એક જાતનું પાંજરું કે જેલ છે. એ કારાગૃહ આપણે જ આપણા કર્મમાંથી નિપજાવેલું છે. એમાં મળેલી અનુકૂલતા આપણી જ કમાઇમાંથી મળેલી છે. તેમ પ્રતિકૂળતા પણ આપણે વ્હોરી લીધેલી છે. એના માટે કોઇની સામે રોષ કરવાનું આપણી પાસે કોઈ જાતનું કારણ નથી, માટે જેલના નિયમાનુસાર જ આપણે આપણી સ્થિતિમાં સુધારો કે અનુકૂળતા કરી લેવી જોઇએ. તેમજ આવતો જન્મ કહો કે જેલખાતું કહો વધારે સુખ-સગવડવાળું મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. કેદીને જેલના નિયમો સખતાઇથી પાળવા પડે છે, જ્યાં જે કેદી એ નિયમો બરાબર પાળે છે અને અધિકારીને સંતોષ આપે છે તેને તેની સજામાં રાહત પણ મળે છે. ત્યારે આપણે પણ પ્રાપ્ત પરિસ્થિતિને અનુરૂપ વર્તન કરી શાંતિ રાખી વધુ સારું વર્તન રાખી આસપાસના મનુષ્યોને અને જીવોને સમાધાન આપીએ તો આપણા ઘાતી કર્મોનું પરિણામ કાંઇક મોળું કરી શકીએ એમાં શંકા નથી. અનુક્રમે કર્મને ઉત્પન્ન કરવાની જેમ આપણામાં શક્તિ છે તેમ તેનો નાશ કરવાની પણ આપણામાં શક્તિ છે એ ભૂલવું ન જોઇએ.

ઘાસનો એક પર્વત કે ટેકરી જેવો મોટો ઢગલો હોય કે કપાસનો-મોટો જથ્થો એકત્રિત કરેલો હોય અને તેમાં અગ્નિનો એક જ કણ નાંખવામાં આવે તો તે ઢગલાનો નાશ થતાં કેટલી વાર લાગે? પણ એવો કણ આપણને મળવો જોઇએ, એટલી મુખ્ય શરત છે. એ અગ્નિકણ ફક્ત સંયમ અને તપ સિવાય બીજે કયાંયથી મળે એવો સંભવ નથી. સંયમ ફક્ત વેશ-પરિવર્તનથી જ આવે છે એવો કોઇ નિયમ નથી. સંયમ એ અનેક પરિસ્થિતિઓમાં પણ શક્ય હોય છે. વેશ અને તેને અનુરૂપ આચરણ એ રાજમાર્ગ છે. સાથે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, વેશ-પરિવર્તનથી સંયમ આવી જ જાય એવો કોઇ નિયમ નથી. કારણ સંયમ એ આત્મા સાથે નિગડિત એવા ભાવમન અને બુદ્ધિનો વિષય છે. એ બાહ્ય રૂપ કે બાહ્ય આચરણ સાથે સીધો સંબંધ ધરાવતું નથી. એટલા ઉપરથી જ એ અનંત કર્મોને બાળવાનો અગ્નિકણ કેટલો દુષ્પ્રાપ્ય છે એ જોવામાં આવશે. એવો કર્મોને બાળવાનો અગ્નિકણ આપણને પ્રાપ્ત થાય એ જ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની–તૃષા

: ૭ :

ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા M. B. B. S.

'રમણીય રમણીથી* યુક્ત એવા તરુણને જેવી દિવ્ય સંગીત સાંભળવાની ઇચ્છા–શુશ્રૂષા હોય, તેવી તત્ત્વસંબંધી શુશ્રૂષા ખરા શુશ્રૂષુને હોય. જેવા ઉલ્લાસથી તે ભોગી દિવ્ય સંગીતનું શ્રવણ ઇચ્છે છે, તેવા બલ્કે તેથી વધારે ઉલ્લાસથી આ યોગી દિવ્ય તત્ત્વ અમૃતનું શ્રવણેંદ્રિય દ્વારા પાન કરવા ઇચ્છે છે. તે તરુણ પુરુષ જેમ ચિત્રવત્ સ્થિર થઇને સાંભળવા ચાહે છે, તેમ આ શ્રવણપિપાસુ જોગીજન સ્થિર તન્મયપણે તત્ત્વવાર્તા સાંભળવાની સહજ ઇચ્છા–ઉલટ ધરાવે છે, અને તે સહજ શ્રવણેચ્છા તેવા તેવા સ્વાભાવિક અંતરોદ્‌ગારદ્વારા વ્યક્ત કરે છે. અને આ પરમ અમૃત જેવી તત્ત્વવાર્તાના શ્રવણમાં આ મુમુક્ષુ યોગીને જેટલો આનંદ આવે છે, તેનો અનંતમો ભાગ પણ તે ભવાભિનંદી ભોગીને દિવ્ય સંગીત સાંભળવામાં આવતો નથી.

## શુશ્રૂષા વિનાનું શ્રવણ વ્યર્થ

આવી અંતરંગ ઉત્કટ ઇચ્છા વિનાનું કર્ણેન્દ્રિય દ્વારા જે શ્રવણ તે નામમાત્ર શ્રવણ છે, એક કાને સાંભળી બીજેથી કાઢી નાંખવા બરાબર છે. એમ તો આ જીવે અનંતવાર કથા–વાર્તા સાંભળી છે, ને સાંભળી સાંભળીને તેના કાન પણ ફૂટી ગયા છે, તો બ્રહ્મજ્ઞાન–સાચું તત્ત્વજ્ઞાન થયું નથી! 'કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન!' કારણ કે તેણે અંતરાત્માથી–અંતરશ્રવણેન્દ્રિયથી ઉપયોગરૂપ ભાવશ્રોત્રેંદ્રિયથી શ્રવણ કર્યું નથી; સાચી શુશ્રૂષા વિના માત્ર લૌકિક રીતિએ દેખાવ પૂરતું જ સાંભળ્યું છે, અને જીભે 'જી જી' કર્યા કર્યું છે. આવું બોધજળપ્રવાહની* સરવાણી સમાન શુશ્રૂષા વિનાનું શ્રવણ સરવાણી વિનાની બરડ ભૂમિમાં કૂવો ખોદવો જેમ વ્યર્થ છે, ફોગટ છે. ખરું શુશ્રૂષાપૂર્વક શ્રવણ ત્યારે થાય કે જ્યારે મન રીઝે–પ્રસન્નતા પામે, તન ઉલ્લસે–શરીરમાં રોમાંચ રૂંવાડા ઊભા થાય. એવી શ્રવણેચ્છા વિના જે ગુણકથા સાંભળવામાં આવે તે બ્હેરા આગળ સંગીત કરવા બરાબર છે! ભેંસ આગળ ભાગવત છે! અંગ્રેજીમાં કહેવત પ્રમાણે ડુક્કર પાસે મોતીનો ચારો નાખવા બરાબર છે. Casting pearls before swine! આવું શુશ્રૂષા વિનાનું શ્રવણ ભલે સુલભ હો, પણ સાચી શુશ્રૂષા તો દુર્લભ તે દુર્લભ જ છે.

મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બૂઝે એક તાન;
એ ઇચ્છા વિણ ગુણકથાજી, બ્હેરા આગળ ગાન."

—યોગદૃષ્ટિસજ્ઝાય

હું છું કોણ? ક્યાંથી વળી હું થયો છું?
ખરા ક્યા સ્વરૂપે અહો! હું રહ્યો છું?
મને બાંધતા આ સંબંધો બધા શા?
મહા સૂણવા તત્ત્વ એવા પિપાસા.
અહીં બોધ પાણીના સિરા સમાણી,
ખરી શુશ્રૂષા તત્ત્વની આ વખાણી;
વિના શુશ્રૂષા સાંભળ્યું સૌ વૃથા જ,
અસિરા ભૂમાં કૂપ ખોદ્યો યથા જ.

—યોગદૃષ્ટિકળશકાવ્ય (સ્વરચિત)

---

* "कान्तकान्तासमेतस्य दिव्यगेयश्रुतौ यथा ।
यूनो भवति शुश्रूषा तथास्यां तत्त्वगोचरा ॥"

—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત યોગદૃષ્ટિસમુચ્ચય શ્લો. પર

"તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જિમ ચાહે સુરગીત;
તિમ સાંભળવા તત્ત્વને જી, એહ દૃષ્ટિ સુવિનીત...
મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ."

—શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજ્ઝાય

"સુખી કાંત કાંતા યુતો કો યુવાન,
ચહે સૂણવા જેમ ગંધર્વ ગાન;
અહીં શુશ્રૂષા તત્ત્વની તેમ ધારે,
પિપાસુ ચહે પાણીને જે પ્રકારે."

—યોગદૃષ્ટિકળશકાવ્ય

* "बोधाम्भःस्रोतसश्चैषा सिरातुल्या सतां मता ।
अभावेऽस्याः श्रुतं व्यर्थमसिरावनिकूपवत् ॥"

—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય, શ્લો. પ૩

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સંસ્કારી ગૃહપતિ ઉત્પન્ન કરો

સામાન્ય રીતે આવી જયંતિઓ ઉજવાય છે ત્યારે સંસ્થાએ કેટલી મદદ મેળવી, કેટલો અભ્યાસ કરાવ્યો તેનું માપ કાઢી વાતો કરીએ છીએ પણ આ માપ કાઢવાની રીત ખોટી છે. દાન દેવું કે દાન મેળવવું તે જૈન સમાજમાં સરસ અને સરલ વસ્તુ છે. વિદ્યાર્થીઓમાં સંસ્કાર કેવી જાતના પડે છે, સાચા નાગરિક કેટલા બને છે તે જોઈ તેનું માપ કાઢતાં શીખીએ તો તે સાચું માપ ગણી શકાય.

આવી સંસ્થા ચલાવવામાં ખરી મુશ્કેલી સારા ગૃહપતિ મેળવવા અંગેની છે. આ કામ ધારવા પ્રમાણે સહેલું નથી. સંસ્થામાં અભ્યાસ કરાવ્યો એટલે પતી જતું નથી. સંસ્થામાં અભ્યાસ કરી સામાયિક, પ્રતિક્રમણ કરનારા વિલાયત કે પરદેશમાં જઈને સંસ્કારોનો ત્યાગ કરી માંસાહારી બનતા વાર લગાડતા નથી. સારા અને સાચા સંસ્કારો માબાપ અથવા તો સંસ્થા પાડી શકે. પૈસા મેળવવા એ જેટલું સહેલું કાર્ય છે તેટલું સારા ગૃહપતિ મેળવવા તે સહેલું કાર્ય નથી.

**શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ**
[પ્રવચનમાંથી]

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–

શિક્ષણના ક્ષેત્રમાં પાલીતાણાખાતેના શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમનું સ્થાન ઘણું જ આગળ પડતું છે. સંસ્થાએ પોતાની કારકીર્દીના પચાસ વર્ષ પૂરા કર્યાં તેને અનુલક્ષીને ગત ડીસેમ્બર ૨૫–૨૬–૨૭ ના રોજ તેનો સુવર્ણ-મહોત્સવ ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે ઉજવાયો હતો. આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ, પુના તેમ જ સૌરાષ્ટ્રના ઘણા સ્થળોના નામાંકિત અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ હાજરી આપી સુવર્ણ-મહોત્સવના પ્રસંગને સુશોભિત કર્યો હતો. સંસ્થામાં શિક્ષણ લીધેલા પાસ્ટ સ્ટુડન્ટોએ પણ સારા પ્રમાણમાં હાજરી આપી હતી એટલું જ નહિ પરંતુ પોતાના કર્તવ્યને અદા કરવાની ફરજ સમજી રૂા. ૩૦૦૦૦) ત્રીશ હજાર જેવી સારી રકમ સંસ્થાના ફંડમાં આપી હતી.

આ સમારંભ માટે સંસ્થાના મકાનમાં વિશાળ સમીયાણો ઊભો કરવામાં આવ્યો હતો અને ત્રણે દિવસ વિવિધ કાર્યક્રમો સુંદર રીતે પાર પાડવામાં આવ્યા હતા. ખાસ કરીને નીચેના ગૃહસ્થોની હાજરી નજરે તરી આવતી હતી. મુંબઈના સ્મોલકોઝીઝ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી, કચ્છ–સૌરાષ્ટ્રના ડીવીઝનલ ઓફિસર ગુણેન્દ્ર શેઠ, જાણીતા મહાન ઉદ્યોગપતિ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ શેઠ, મુંબઈ સરકારના એડવોકેટ જનરલ શ્રી એમ. પી. અમીન, સોલિસિટર શ્રી તનુભાઈ દેસાઈ, સૌરાષ્ટ્ર ગ્રામપંચાયતોના ઉપપ્રમુખ શ્રી ન્યાલચંદભાઈ, જાણીતા ઉદ્યોગપતિ શ્રી હીરાલાલ અમૃતલાલ શેઠ, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, મુંબઈના ભૂતપૂર્વ મેયર ગણપતિશંકર દેસાઈ, પુના ઇલેક્ટ્રીસીટીના મેનેજર શ્રી વિનાયક કુંવરજી શાહ, શ્રી હરખચંદ વીરચંદ ગાંધી, શ્રી મોહનલાલ તારાચંદ શાહ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, બાલાશ્રમના સેક્રેટરી શ્રી હીરાલાલ લાલચંદ દલાલ, શ્રી ચીનુભાઈ લાલભાઈ શેઠ, શ્રી અમરચંદ કુંવરજી શાહ વિગેરે સંસ્થાના કાર્યાધિકારીઓ તેમ જ આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી આદિ મુનિગણની ઉપસ્થિતિ સારી હતી.

## શ્રી ચત્રભુજ ગાંધી બસ્ટ અનાવરણ વિધિ

તા. ૨૫મીના રોજ સવારમાં શ્રી હીરાલાલ લાલચંદ દલાલે બાલાશ્રમના પચાશ વર્ષની પ્રગતિનો હેવાલ રજૂ કરી, સંસ્થાના પ્રાણસમા શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધીના બસ્ટની અનાવરણ વિધિ કરવા માટે પ્રમુખ શ્રી પ્રસન્નમુખ સુરચંદભાઈ બદામીને વિજ્ઞપ્તિ કરી હતી.

બાદ શ્રી ફુલચંદભાઈ શામજીએ શુભેચ્છાના સંદેશાઓ વાંચ્યાબાદ આ પ્રસંગને અનુલક્ષી વિવિધ વક્તાઓએ પ્રવચન કરતાં શ્રી ચત્રભુજ કાકાની અમૂલ્ય સેવાઓને અંજલિ આપી હતી. પ્રમુખશ્રીએ બસ્ટની અનાવરણ વિધિ કરવા બાદ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીએ સર્વનો આભાર માન્યો હતો.

તા. ૨૫મીના બપોરના અઢી વાગે જુદા જુદા પંચાશી રાષ્ટ્રોની વિવિધ કલા–સામગ્રીઓનું આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન શ્રી એમ. પી. અમીનને શુભ હસ્તે કરાવવામાં આવેલ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાલીતાણા : સુવર્ણ મહોત્સવ

## સ્વ. કુંવરજી મૂળચંદ વ્યાયામશાળા

તા. ૨૫ મીના બપોરના ત્રણ કલાકે કચ્છ તેમ જ સોરાષ્ટ્રના ડીવીઝનલ ઓફિસર શ્રી ગુણેન્દ્ર લાલભાઈ શેઠના પ્રમુખપણા નીચે



સ્વ. કુંવરજી મૂળચંદ વ્યાયામશાળાનો ઉદ્દઘાટન સમારંભ શરૂ થતાં શ્રી હીરાલાલ હાલચંદ દલાલે ભાવનગરનિવાસી સ્વ. શ્રી કુંવરજીભાઈની વ્યાયામપ્રિયતા તેમ જ પ્રમાણિકવૃતિને અંજલિ આપી હતી. તેમના શુભ નામ સાથે એમને ખાસ પ્રિય પ્રવૃત્તિનું નામ જોડાય છે તે ખરેખર સુચિહ્ન છે. શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી, શ્રી હીરાલાલ જુઠાભાઈ, શ્રી નાનચંદ જુઠાભાઈ, શ્રી હરખચંદ વી. ગાંધી વિગેરેએ સ્વર્ગસ્થની ધ્યેયનિષ્ઠાને માનભરી અંજલિ આપી હતી. બાદ સ્વ. ના સુપુત્ર શ્રી વિનાયક કુંવરજી શાહે વળતો આભાર વ્યકત કર્યો હતો. શ્રી ગુણેન્દ્ર શેઠે ઉદ્દઘાટન કર્યા બાદ તાળાની હરાજી કરતાં રૂા. ૫૦૧)માં અમદાવાદનિવાસી શેઠ જયંતિલાલ જેશંગભાઈ ઉગરચંદે લઈને સંસ્થાને ભેટ કરેલ.

બપોરના પૂજા તેમજ રાત્રિના વ્યાયામના પ્રયોગો રાખવામાં આવેલ.

તા. ૨૬ મીના સવારના જૈન સમાજના જાણીતા આગેવાન શ્રીયુત કસ્તૂરભાઈ લાલભાઈના પ્રમુખપણા નીચે સુવર્ણ-મહોત્સવ સમારંભ શરૂ કરવામાં આવતાં વિવિધ શુભેચ્છાના સંદેશાઓ વાંચવામાં આવેલ. બાદ શ્રી ભાઈચંદભાઈ નગીનદાસ ઝવેરીએ સંસ્થાની પચાસ વર્ષની કાર્યવાહી રજૂ કરી આજે સંસ્થા કયા પગથિયે છે તેનું દિગ્દર્શન કરાવ્યું હતું. બાદ વિવિધ વકતાઓએ સંસ્થાની ઉજ્વળ કાર્યવાહીને અભિનંદન આપતા પ્રવચનો કર્યા હતા. બાદ પ્રમુખશ્રી કસ્તૂરભાઈ શેઠે હૃદયંગમ સંક્ષિપ્ત છતાં સચોટ વકતવ્ય રજૂ કરેલ. બાદ આભારવિધિ થતાં સંસ્થાના સ્ટાફને યોગ્ય પારિતોષિક આપવામાં આવેલ.

બપોરના પૂજા ભણાઈ હતી અને રાત્રિના "સોનાનો થાળ" નામક નાટિકા ભજવવામાં આવી હતી.

તા. ૨૭ મીના તીર્થાધિરાજની સમૂહ યાત્રા યોજવામાં આવેલ જેનો મહેમાનોએ તેમજ બાલાશ્રમના વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં લાભ લીધો હતો. બપોરનાં શ્રી યશોવિજય જૈન ગુરુકુળના વાણિજ્ય વિદ્યામંદિરના હોલમાં શેઠશ્રી હીરાલાલ અમૃતલાલ શાહના પ્રમુખપણા નીચે સુવર્ણ મહોત્સવ પ્રસંગે પધારેલા મહેમાનો, આમંત્રિત ગૃહસ્થો તેમજ સંસ્થાના કાર્યકરોનો સન્માન-સમારંભ યોજવામાં આવ્યો હતો.

## પ્રમાણિકતાનો ગુણ કેળવો

સ્વ. શ્રી કુંવરજી મૂળચંદના જીવનમાંથી ઘણું શિખવાનું છે. તેમના જીવનના ઉત્તમ ગુણોનું અનુકરણ કરીએ તો જ આવા મેળાવડાનું સાર્થક ગણાય

સ્વ. કુંવરજીભાઈ પ્રમાણિક હતા તે જગજાહેર હકીકત છે. આજે તો અધિકારી પૈસા ન ખાય તો પ્રમાણિક ગણાય, દવાવાળો પૈસા લઈને ભળતી બીજી જ દવા ન આપે તો પ્રમાણિક ગણાય, ઈન્કમટેક્ષમાં સરકારી કરની ચોરી ન કરીએ તો પ્રમાણિક ગણાય. આજે તો છેતરપીંડી કર્યા વિના ધંધો ચલાવી શકે તે પ્રમાણિક ગણાય છે. સ્વ. કુંવરજીભાઈની પ્રમાણિકતા આવા પ્રકારની ન હતી.

સ્વ. કુંવરજીભાઈને વ્યાયામ પ્રત્યે પૂર્ણ રસ હતો. આપણા યુવાનો તાલીમબદ્ધ વ્યાયામ શીખે તેમ તેઓ ઈચ્છતા હતા. આજે તેમની અભિલાષા મૂર્ત સ્વરૂપ લે છે અને તેની સાથે તેઓશ્રીનું નામ જોડાય છે તે ખરેખર સુભગ ચિહ્ન છે. સ્વાસ્થ્ય અને શક્તિ દરેકને માટે આવશ્યકીય છે. સર્વ યુવાનો આનો લાભ લેશે તેમ ઈચ્છું છું.

–શ્રી ગુણેન્દ્ર લાલભાઈ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકીર્ણ

## ભાષણશ્રેણિ

આ વર્ષે ચાતુર્માસ બિરાજમાન પરમપૂજ્ય મુનિરાજશ્રી ચંદ્રકાંતસાગરજી મહારાજ તેમજ પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં આરાધના સારી રીતે થઇ હતી. મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીના વ્યાખ્યાનોમાં જન-મેદની સારી રહેતી હતી, તેથી તેમના જાહેર ભાષણો ગોઠવવાની યોજના થઈ હતી. તેઓશ્રીએ અત્રેના વિશાળ ટાઉન હોલમાં દરેક રવિવારના સવારના સાડાનવથી સાડાદશ સુધી સુખની ખાણ, આજ અને આવતી કાલ, ગઇ કાલ અને આજ, આત્મદર્શન વિગેરે વિષયો પર સુંદર અને સચોટ પ્રવચનો આપ્યા હતા, જેનો હજારો નર-નારીઓએ લાભ લીધો હતો. અત્રેની થીઓસોફિક લોજમાં અધ્યાત્મ ભૂમિકા તેમ જ ભ્રાતૃભાવ પર પણ સુંદર પ્રવચન આપી જૈનેતરોના દિલ જીતી લીધા હતા. મહિલા કોલેજમાં પણ સ્ત્રી-ઉપયોગી પ્રવચન ગોઠવવામાં આવેલ.

●

## અનુમોદનીય તપશ્ચર્યા

આચાર્ય મહારાજશ્રી વિજયશક્તિસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી મહારાજ આ વર્ષ દાદાસાહેબ ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તેઓશ્રીએ નવ ઉપવાસ, સિદ્ધિતપના છત્રીશ ઉપવાસ, પછી અષ્ટાપદજીના ચોવીશ ઉપવાસ, છટ્ઠ, અઠ્ઠમ વિગેરે મળી કુલ નેવું ઉપવાસ કર્યા હતા અને ૩૦ પારણાના દિવસોમાં પણ આયંબિલ તથા એકાસણા-બેસણા વિગેરે તપ કરેલ. તેઓશ્રીની આ અનુમોદનીય તપશ્ચર્યા નિમિત્તે પ્લોટ સોસાયટી તરફથી દાદાસાહેબ જિનાલયમાં અઠ્ઠાઇ મહોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં પ્રતિદિન નવીન પૂજાઓ ભણાવાતી તેમજ આંગી ભાવના થતી હતી. પર્યુષણા પર્વમાં આરાધના સારી થઇ હતી અને અઠ્ઠાઇની તપશ્ચર્યાપૂર્વક ચોસઠ પહોરી પૌષધ થયા હતા. એકંદરે મુનિશ્રી ભાસ્કરવિજયજીને તપશ્ચર્યામાં સારી રીતે શાતા રહી હતી.

●

## અઠ્ઠાઇ મહોત્સવો : : શાંતિસ્નાત્ર અને સંઘસ્વામીવાત્સલ્ય

અત્રેના મોટા જિનાલયમાં સ્વ. વોરા હઠીચંદ ઝવેરભાઇના ધર્મપત્ની ગં. સ્વ. હેમકુંવર બહેન તરફથી કા. શુદ છઠ્ઠના રોજ અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. રંગમંડપમાં પરમપવિત્ર શ્રી શત્રુંજય તીર્થની સુંદર રચના કરવામાં આવી હતી. શુદિ છઠ્ઠ ગુરુવારના રોજ પ્રાતઃકાળે રચનામાં પ્રતિમાજીઓને બિરાજમાન કરવામાં આવેલ, કા. શુદ ૧૧ ના રોજ વિધિવિધાનપૂર્વક વિશાળ સમુદાય વચ્ચે શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. અઠ્ઠાઇ મહોત્સવના દરેક દિવસોમાં સ્નેહી-સંબંધી તેમ જ આપ્તજનોનો જમણવાર યોજવામાં આવ્યો હતો. પ્રતિદિન પૂજા-ભાવના તેમ જ આંગી રચાવવામાં આવતી હતી. એકંદર રીતે આ ધર્મ-મહોત્સવ સફળ રીતે પૂર્ણ થયો હતો.

× × ×

અત્રેના પ્રતિષ્ઠિત ગૃહસ્થ, મુંબઇના જાણીતા ઉદ્યોગપતિ તેમજ આપણી સભાના માનવંતા પેટ્રન શેઠશ્રી હીરાલાલ અમૃતલાલ તરફથી તેમના શ્રેયાર્થે તેમજ વડીલજનોના કલ્યાણાર્થે માગશર શુદિ ૩ ને બુધવારથી મોટા જિનાલયમાં બીજો અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો હતો. આ શુભ પ્રસંગે શ્રી સિદ્ધાચલજીની ભવ્ય રચના કરવામાં આવેલ તેમ જ જિનાલયોને રંગબેરંગી ઇલેકટ્રીક રોશનીથી દેદીપ્યમાન કરવામાં આવેલ. ત્રીજના દિવસે પ્રતિમાજીઓને બિરાજમાન કરવામાં આવેલ. માગશર શુદ ૯ ને મંગળવારના રોજ સવારના રથયાત્રાનો ભવ્ય વરઘોડો તેમના મકાનેથી ચઢ્યો હતો જે શહેરના મુખ્ય મુખ્ય માર્ગો પરથી



For Private And Personal Use Only

[illegible] શ્રી [illegible] સાહેબ જિનાલયે [illegible] વર-
ઘોડો [illegible] તેમ જ પૂજા [illegible] સાધુ-સાધ્વી સમુદાયની [illegible] હાજરી હતી.

માગશર સુદિ ૧૦ ને બુધવારના રોજ સાંજના [illegible] શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ. માગશર સુદિ ૧૧ મૌન એકાદશીના રોજ શેઠશ્રી તરફથી ખાસ વાડીને વંડે પૂ. શ્રી [illegible]વિજયજી મહારાજની નિશ્રામાં મુનિશ્રી નીતિવિજયજી (સિરોહી)ના શિષ્ય મુનિરાજશ્રી કૈલાસવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી હતી. તેમજ [illegible] બપોરે વિધિવિધાન યુક્ત શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું, જેનો હજારો ભાવિકોએ લાભ લીધો હતો.

માગશર સુદી તેરસ ને શનિવારના રોજ શેઠશ્રી તરફથી રાધનપુરી જ્ઞાતિ, વરતેજનો શ્રી સંઘ, અત્રેની કાપડ બજાર તેમજ સ્નેહી-સંબંધીઓને પ્રીતિભોજન આપવામાં આવેલ. શેઠશ્રીનો ઉત્સાહ અપૂર્વ હતો. અને એકંદરે આ ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ સફળ રીતે પાર પડ્યો હતો.

## સત્કાર-સમારંભ

માગશર વદ ૬ ને રવિવારના બપોરના સાડા ત્રણ કલાકે આપણી સભાના હોલમાં શ્રી શામજીભાઈ હેમચંદ દેસાઈના પ્રમુખપણા નીચે અભ્યાસક મંડળના આગેવાન કાર્યકર તેમજ આપણી સભાના ઓનરરી સેક્રેટરી શ્રી દીપચંદ જીવણલાલ શાહ તેમજ શ્રી મોહનલાલ મેઘજીભાઈ તરફથી તેઓ શ્રી સમેતશિખરજી વિગેરે તીર્થની યાત્રા સફળ રીતે કરી આવ્યા તેના ઉપલક્ષમાં અભ્યાસક મંડળના સભ્યો તેમજ આગેવાન સદ્‌ગૃહસ્થોનો એક સત્કાર-સમારંભ યોજવામાં આવ્યો હતો.

શરૂઆતમાં શ્રી દીપચંદભાઈએ યાત્રાના વિવિધ તીર્થસ્થળો પૈકી મહત્ત્વના તીર્થો શ્રીસમેતશિખરજી, શ્રી પાવાપુરીજી, શ્રી રાજગૃહી અને તેના પાંચ પહાડો તેમજ કલકત્તાનો કાર્તિકી પૂર્ણિમાનો વિશાળ ને ભવ્ય રથયાત્રાનો વરઘોડો-વિગેરે સંબંધી સુંદર શબ્દોમાં છણાવટ કરી આવા પરમ-પુનિત તીર્થસ્થળોની યાત્રા કરવા દરેકને અનુરોધ કર્યો હતો. તેઓશ્રીએ [illegible] દિલ્હી, કાનપુર, કલકત્તા, આગ્રા વિગેરે સ્થળોનો પરિચય આપી આબુજી અને જેસલમેર જેવા તીર્થસ્થળોની મનોમુગ્ધ ઝાંખી કરાવી હતી. શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથની મૂર્તિ આજે પણ ભૂમિથી અદ્ધર છે તે ચમત્કારિક ઘટના અને શ્રદ્ધા-ભાવનાને કેવો સુમેળ છે તેનું સારી રીતે દિગ્દર્શન કરાવ્યું હતું.

બાદ પંડિત શ્રી જગજીવનદાસ પોપટલાલે તીર્થનું મહાત્મ્ય અને તીર્થસ્પર્શનાથી શો લાભ થાય તે રોચક શૈલીમાં જણાવ્યું હતું. બાદ માસ્તર અમૃતલાલ મોહનલાલે પણ પોતાની સૌમ્ય ભાષામાં તીર્થસ્થાનોની પવિત્રતા અને ભવ્યતા સંબંધી દિગ્દર્શન કરાવી જિંદગીમાં એકવાર લોકોએ પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજીની યાત્રા કરવાનો અનુરોધ કર્યો હતો. બાદ શ્રી મોહનલાલ મેઘજીભાઈએ પોતાનું ટૂંકું વક્તવ્ય રજૂ કરતાં કહેલ કે-યાત્રામાં અહીંના જે જે ભાઈઓએ સહકાર આપેલ છે તેનો હું આભાર વ્યક્ત કરું છું. બાદ શ્રી બાબુભાઈ રૂગનાથ શાહે જણાવ્યું કે-આજના જંજાળ-યુગમાં પહેલાંની માફક શાંતિથી યાત્રા થઈ શકતી નથી, છતાં પણ આપણે ભગવાનને ભેટી આવ્યા તેમ નહીં પણ ભગવાનને લાગે કે-મને મારો ખરો ભક્ત ભેટી ગયો, એવી મનસ્થિરતાપૂર્વક યાત્રા કરવી જોઈએ. તીર્થની મહત્તા સંબંધી મારી પહેલાના વક્તાઓએ વિવેચન કરી લીધું છે તેથી તે સંબંધી વિશેષ કંઈ કહેવાનું રહેતું નથી.

બાદ અભ્યાસક મંડળ સંબંધી માહિતિ આપતાં શ્રી બાબુભાઈએ જણાવેલ કે-બે વર્ષથી અભ્યાસક મંડળ સારી પ્રગતિ કરી રહ્યું છે તેનો ખરો યશ માસ્તર સાહેબશ્રી શામજીભાઈને ઘટે છે. પ્રતિદિન લાભ લેનારની સંખ્યા વધતી રહી છે, જે સારી જ્ઞાનપિપાસા જણાવે છે. યાત્રાર્થે જતા પહેલા અભ્યાસક મંડળે શ્રી દીપચંદભાઈ તેમ જ શ્રી મોહનભાઈનું બહુમાન કરેલ તે શુભેચ્છાના પ્રતીક તરીકે તેઓ બંને ગૃહસ્થોએ આ સત્કાર-સમારંભ યોજ્યો છે તેમ જ અભ્યાસ મંડળને શ્રી દીપચંદભાઈએ રૂ. ૨૧) અને શ્રી મોહનભાઈએ રૂ. ૧૫) ભેટ તરીકે જાહેર કર્યાં છે. આ યાત્રા-પ્રવાસમાં ભાવનગરના યાત્રિકો માટે શ્રી લવજીભાઈ મેઘજીભાઈએ

વિશેષ મહેનત લીધી છે તે માટે તેમને ફુલહાર અર્પણ કરવો તે ફરજ થઈ પડે છે. બાદ શ્રી હીરાચંદભાઈએ શ્રી લાલચંદભાઈને ફુલહાર પહેરાવ્યા હતા.

બાદ અધ્યક્ષસ્થાનેથી શ્રીયુત લાલચંદભાઈએ જણાવેલ કે—ભાવનગરમાં જે જ્ઞાન-પિપાસા છે તેનો યશ સ્વ. શ્રી કુંવરજીભાઈને ઘટે છે. અભ્યાસ મંડળ ધીમે ધીમે સારી પ્રગતિ કરતું રહ્યું છે તે આનંદની હકીકત છે. શ્રીયુત દીપચંદભાઈની ધગશને પણ તે આભારી છે. "યાત્રા" એ માનવજીવનનું સાફલ્ય છે. આવી મોટી યાત્રા કરવી તે સદ્ભાગ્યની નિશાની છે. શ્રી સમેતશિખરજી તીર્થની બે વાર યાત્રા કરવાનો મને સુયોગ સાંપડ્યો હતો. આવા પવિત્ર તીર્થસ્થળોમાં જતાં પવિત્ર રજકણો આપણા મન-પ્રદેશ પર સુંદર અસર કરે છે; સાધનસંપન્ન વ્યક્તિઓએ આવા તીર્થોનો જરૂર લાભ લેવો જોઈએ. બાદ તેઓશ્રીએ અભ્યાસક-મંડળનો વિશેષ ને વિશેષ લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો. અલ્પાહારને ન્યાય આપી, આનંદજનક વાતાવરણ વચ્ચે સૌ વિખરાયા હતા.

× × ×

## તૈલચિત્રનું અનાવરણ અને સન્માન-સમારંભ

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના સ્વ. સેક્રેટરી શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીના તૈલચિત્રની અનાવરણ વિધિ માગશર વદ ૧૩ ને શનિવારના રોજ સવારના નવ કલાકે સભાના શ્રી ભોગીલાલભાઈ હૉલમાં પ્રસિદ્ધ વક્તા મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ તેમજ મુનિશ્રી ભાસ્કરવિજયજીની નિશ્રામાં શ્રીયુત હરખચંદ વીરચંદ ગાંધીના હસ્તે કરાવવામાં આવેલ. આ સમયે પાલીતાણા બાલાશ્રમના મહોત્સવ ઉપર પધારેલા ગૃહસ્થો પણ અત્રે પધાર્યા હતા. શરૂઆતમાં શ્રી જાદવજી ઝવેરભાઈએ આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈએ સ્વ. વલ્લભદાસભાઈના ગુણાનુવાદ રજૂ કરેલ. બાદ શ્રી હીરાલાલ જુઠાલાલ શાહે આજના સમારંભના ઉદ્ઘાટક શ્રી હરખચંદભાઈ ગાંધીની ઉદારતા વર્ણવી તેમની દાનપ્રિયતાને બિરદાવી હતી. બાદ શ્રીયુત વિઠ્ઠલદાસભાઈએ સભાનો વિસ્તૃત હેવાલ રજૂ કરી વલ્લભદાસભાઈની સેવાને અંજલિ આપી હતી. બાદ શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી દીપચંદભાઈ છગનલાલ શાહ અને શ્રી મણિલાલ પાદરાકર, શ્રી ગુલાબચંદ આણંદજી વિગેરેએ વક્તવ્યો રજૂ કર્યાં બાદ શ્રી હરખચંદભાઈએ તૈલચિત્રની અનાવરણ વિધિ કરી પોતાનું વક્તવ્ય રજૂ કરેલ. બાદ મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજીએ ગુણાનુવાદ કેવા અને કોના હોઈ શકે તે સંબંધી વિશિષ્ટ શૈલીમાં ઉપસંહાર કરેલ.

તે જ દિવસે બપોરના ચાર કલાકે શ્રી આત્માનંદ જૈન સભાના પેટ્રન શ્રી હરખચંદ વીરચંદ ગાંધીના સન્માનાર્થે એક મેળાવડો શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં શ્રી જાદવજી ઝવેરભાઈએ આમંત્રણ-પત્રિકા વાંચ્યા બાદ શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈએ શ્રી હરખચંદભાઈનો સૌમ્ય ને મળતાવડો સ્વભાવ, ગુપ્તદાન તેમ જ સમાજસેવાની ધગશ માટે સુંદર વક્તવ્ય રજૂ કરેલ. બાદ શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ, શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર, શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલના પ્રસંગોચિત વક્તવ્ય બાદ શ્રીયુત હરખચંદભાઈએ પોતાની લઘુતા દર્શાવી હતી. બાદ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠે હરખચંદભાઈની દાનશીલતાને પ્રશંસી હતી. બાદ શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે આ મેળાવડાને દીપાવવા બદલ સૌનો આભાર માન્યો હતો અને દુગ્ધપાનને ઇન્સાફ આપી સૌ આનંદજનક વાતાવરણમાં વિખરાયા હતા.

મુદ્રક : સાધના મુદ્રણાલય : દાણાપીઠ–ભાવનગર.